# પ્રાંતિજના અમલાની મુવાડી શાળાના શિક્ષકની બદલી થતા ગ્રામજનોમાં આક્રોશ

પ્રાંતિજ, તા. ૨૩ પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડીની શાળાના શિક્ષકની રાજકીય રીતે બદલી કરવામાં આવી છે. જેથી આ વાતની જાણી ગ્રામજનોને થતા તુરંત શિક્ષકની બદલી થતા શિક્ષકને પરત શાળામાં લાવવાની જીદ સાથે ભણતરનો બહિષ્કાર કર્યો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



અચાનક રાજકીય રીતે તાલુકા ફેર બદલી થતા વિદ્યાર્થીઓ વાલીઓ સહિત ગ્રામજનોમાં આક્રોશ જોવા મળ્યો છે.

પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડા ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા તિરમીઝી કુત્લેઆલમની અચાનક કૌટુંબિક ઝઘડાના કારણે શાળામાં દોડી આવ્યા હતા. અને વાલીઓએ પણ શિક્ષકની બદલી થતા બાળકોને શાળામાં નહી મોકલવાનું જણાવ્યું હતું. જ્યારે બાળકોએ પણ છે. આ ઘટનાને પગલે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા શાળાએ દોડી આવ્યા હતા અને લોકોની ફરિયાદ સાંભળી તેનું તુરંત નિરાકરણ લાવવા ખાતરી આપી હતી. જ્યારે તંત્રના કોઈ અધિકારી પણ ન ફરકતા ગ્રામજનોએ તંત્ર સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો હતો.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગાયત્રી પરિવાર દ્વારા મોડાસા શહેરની જનતા અને આજુબાજુના ગામડાના લોકોમાં ધર્મ પ્રત્યે રૂચિ કેળવાય અને સારા સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી ધાર્મિક ગ્રંથો ઉપનીસદોનું આ પુસ્તક મેળામાં અડધી કિંમતે વેચાણ કરવામાં આવશે. મોડાસા શહેરના મેઘરજ રોડ ઉપર આવેલ ઉમીયા માતાના મંદિર પરિસરમાં ઉમીયા હોલમાં મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાનો લાભ અરવલ્લી જિલ્લાના સૌ પ્રજાજનો લઈ શકે તે હેતુથી પાંચ દિવસ સુધી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુરૂશ્રી રામ આચાર્યના લખેલા પુસ્તકોનું વેચાણ મુખ્યત્વે કરવામાં આવશે. ગાયત્રી પરિવાર દ્વારા પુસ્તક મેળાનું આયોજન કરવાનો મુખ્ય ઉદેશ લોકોમાં જ્ઞાન વધે અને ધર્મના માર્ગે ચાલે તેમજ લોકોના ખરાબ વિચારો દૂર થાય અને જીંદગી જીવવા માટે સકારાત્મક બને. તે હેતુથી ધાર્મિક પુસ્તકોનું વેચાણ ૫૦+ કિંમતે ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવશે. આ પુસ્તકમેળામાં ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો મોટા પાયે જોડાયા હતા. તેમજ ગાયત્રી પરિવારના સભ્યોએ અરવલ્લી જિલ્લાના બધાજ ગ્રામજનો આ પુસ્તક મેળામાં મુલાકાત કરે તે માટે પ્રયત્નશીલ બન્યાછે. ગાયત્રી પરિવારના સભ્યોએ જણાવેલ કે સમાજના સુધરીકરણ માટે ધાર્મિક પુસ્તકોનું વાંચન જરૂરી છે. તેમજ પુસ્તક મેળાથી લોકોમાં લોકમાં સારૂ સાહિત્ય પહોંચે તે હેતુથી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ગાયત્રી પરિવાર દ્વારા કરાયેલ પુસ્તકમેળામાં પહેલે જ દિવસથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પ્યા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

# ડીઝલમાં ઘટાડો થવા છતાં એસટી ભાડામાં ઘટાડો ન થતા મુસાફરોમાં રોષ

મહેસાણા, તા. ૨૩ આંતરરાષ્ટ્રીય બજારમાં ડીઝલના ભાવોમાં ઘટાડો થવા છતાં ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ઉતારૂ ભાડામાં ઘટાડો ન કરાતા મુસાફર જનતામાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

અગાઉ ડીઝલમાં ભાવ વધારો થયો હતો. જેથી નિગમ પર વધારાનો આર્થિક બોજો વધ્યો હતો. આ બોજાને પહોંચી વળવા માટે સરકાર સમક્ષ ભાડા વધારવા માટે દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જેને લઈને એસ.ટી. બસનો ભાડામાં વધારો કરાયો હતો. દરમિયાન તાજેતરમાં કેન્દ્ર સરકારે ડીઝલના ભાવમાં ઘટાડો કરતા ડીઝલ સસ્તુ થયેલ છે. ત્યારે એસ.ટી. બસના ભાડા ઘટાડવા માટે નિગમે સત્વરે સરકાર સમક્ષ દરખાસ્ત રજૂ કરવી જોઈએ તેવું મુસાફરોની માંગ છે.

ડીઝલના ભાવમાં ઘટાડો થયા બાદ નિગમના ઉચ્ચ અધિકારીઓએ ઉતારૂ ભાડા ઘટાડાવા અંગે વિચારણા શરૂ કરી હતી. પરંતુ હજી સુધી પરીણામ શુન્ય રહ્યું છે. બસના ભાડા ઘટે તો નિગમની આવક વધી શકે તેમ છે. નિગમના ઉચ્ચ સત્તાદિશોએ ઉતારૂ ભાડામાં ઘટાડો કરવા માટે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી આપવી જોઈએ અને સરકારે પણ આનો સ્વિકાર કરી ભાડા ઘટાડાને મંજુરી આપવી જોઈએ.

## પ્રાંતિજમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા પ્રેરિત 'તણાવ મુકિતથી તંદુરસ્તી' અંગેનો સેમિનાર યોજાયો

પ્રાંતિજ, તા.૨૩ પ્રાંતિજ બ્રહ્માકુમારીઝ સંસ્થાના સૌજન્યથી તાજેતરમાં માર્કન્ડેશ્વર મહાદેવના પરિસરમાં 'તણાવ મુકિતથી તંદુરસ્તી' વિષય આધારિત એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા (મુંબઈ નિવાસી) જાણીતા મનોચિકિત્સક ડૉ. ગિરીશભાઈ પટેલે પ્રવર્તમાન સમયમાં તણાવથી મુકત રહીને મનની અગાધ શકિતઓ દ્વારા મનુષ્ય જીવનમાં ખુશીની પ્રાપ્તિ માટેનું મનોવિજ્ઞાન આધારિક પ્રેરક જ્ઞાનનું સૌને રસપાન કરાવ્યું હતું. પ્રાંતિજના જાણીતા એડવોકેટ જમનાદાસ નરસીંધાણી, સંસ્થાના મુખ્ય સંચાલિકા રાજયોગિની ચંદ્રિકાબેન, ઉપરાંત મોહિનીબેન અનો શોભાબેન વગેરેએ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત જીજ્ઞાશુ આત્માઓને ઈશ્વરીય જ્ઞાનનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બ્ર.કુ. યોગિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેલમહાકુંભમાં રાધીવાડા ગામના તારલાઓ ચમક્યા

ખેડબ્રહ્મા, તા. ૨૩ ખેલમહાકુંભ-૨૦૧૪ અંતર્ગત પાટણ જિલ્લાના ધિણોજ ગામે અંડર-૧૩ યોગાસન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિવિધ મેડલો પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં રાધીવાડા પ્રાથમિક શાળાના ધ્રુવ પંડ્યાએ યોગાસનમાં ગોલ્ડ અને બેસ્ટ ઓફ ધ બેસ્ટ ગુજરાતની સ્પર્ધામાં બ્રોન્ઝ, જયરાજસિંહ રહેવરે યોગાસનમાં સિલ્વર, હરપાલસિંહ ખેરે યોગાસનમાં બ્રોન્ઝ જ્યારે અંડર-૧૬ સ્પર્ધામાં સાવનસિંહ રહેવરે યોગાસનમાં ગોલ્ડ અને બેસ્ટ ઓફ ધ બેસ્ટ ગુજરાતમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

અંડર-૧૩ બહેનોના વિભાગમાં રાધીવાડા પ્રા. શાળાની વિદ્યાર્થીની કિરણબેન ખેરે અરવલ્લી જિલ્લાના ભિલોડા મુકામે આયોજીત રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ અને બેસ્ટ ઓફ ધ બેસ્ટ યોગાસન સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના ત્રણ ગામ સ્માર્ટ ગામ જાહેર

પ્રાંતિજ, તા. ૨૩ પ્રાંતિજ તાલુકાના ત્રણ ગામોને સરકાર દ્વારા સ્માર્ટ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા. જેથી ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રાંતિજ તાલુકાના નનાનપુર, ઘડી અને પલ્લાચર ગામને સ્માર્ટ ગામ જાહેર કરવામાં આવ્યા છે. પરિણામે ગ્રામજનો સતત પ્રયત્નશીલ રહેતા સરપંચ પુંજાભાઈ બેચરભાઈ વણકર સહિત અન્ય બે સ્માર્ટ ગામના સરપંચોનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યું હતું.

# સાંસદ હરિભાઈ ચૌધરીએ પાંથાવાડા ગામ દત્તક લીધુ


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૩ સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ભારત સરકારના કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાનું પાંથાવાડા ગામ આદર્શ ગામ બનાવવા માટે દત્તક લીધુ છે. રાજસ્થાન રાજયને અડીને આવેલ પાંથાવાડા ગામમાં આશરે ૧૫,૦૦૦ની વસ્તી છે તેમને શહેરના જેવી તમામ આધુનિક સુવિધા મળી રહે અને પાંથાવાડા ગામનો ખુબ ઝડપથી વિકાસ થાય તે માટે બનાસકાંઠાના સાંસદશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રીએ આ ગામને દત્તક લીધુ છે.

આ -સંગે મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દેશના સંસદસભ્યો પોતાના મતવિસ્તારના ગામો દત્તાક લે છે અને તે ગામોનો ઝડપથી વિકાસ થાય તે માટે વિશેષ કાળજી રાખે છે. તેમણે કહ્યુ કે વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સમગ્ર વિશ્વમાં સમૃધ્ધ અને શક્તિશાળી દેશ બનશે. તેમણે કહ્યુ કે ગામ લોકોના સાથ અને સહકારથી પાંથાવાડા ગામને સ્વચ્છ ,સુંદર અને રળીયામણું ગામ બનાવવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યુ કે પાંથાવાડાના આજુબાજુના ગામોને જોડતા રસ્તાઓના નિર્માણ માટે રૂ.૩.૬૫ કરોડ મંજુર કરવામાં આવ્યા છે જેનું કામ ઝડપથી શરૂ કરવામાં આવશે. તેમણે લોકોને અનુરોધ કરતાં જણાવ્યુ કે ગામવાસીઓ મક્કમ મનથી સંકલ્પ કરે કે અમારા ગામને અમારે આદર્શ ગામ બનાવી દેશ સમક્ષ દાખલો બેસાડવો છે અને પાંથાવાડા ગામને દેશ અને દુનિયાના નકશામાં ચમકાવવું છે.

પૂર્વમંત્રી અને ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખુબ ઝડપથી ગુજરાત જેવો સર્વાંગી વિકાસ સમગ્ર દેશમાં થશે. તેમણે રાજય સરકારની વિવિધ યોજનાઓની વાત કરી તેનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો.

## પાલનપુરમાં સગીર યુવતીને મુસ્લિમ યુવક ભગાડી જતા પોલીસ ફરિયાદ

પાલનપુર, તા. ૨૩ પાલનપુર શહેરની સગીર યુવતીને એક મુસ્લિમ યુવક લલચાવી ફોસલાવી ભગાડી જતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે સગીર યુવતીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. પાલનપુર શહેરની એક ૧૭ વર્ષીય સગીરાને તેના જ પડોશમાં રહેતો એક મુસ્લિમ યુવક તૌફીક કાળુભાઈ સૈયદ લગ્નની લાલચ આપી હતી અને બાદમાં સગીરાને રાત્રીના સમયે તેના ઘરેથી ભગાડી ગયો હતો. આથી અપંગ લાચાર પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમ સગીરા અને મુસ્લિમ યુવકની શોધખોળ હાથ ધરી છે. જે અંગે એમ.બી. વ્યાસ તપાસ ચલાવી રહ્યા છે.



આગામી તા.૨૬ નવેમ્બરને બુધવારના રોજ સવારે-૧૦ વાગે બનાસકાંઠા જિલ્લાના બાદરપુરા ખાતે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય મિલ્ક ડે ની ઉજવણી કરવામાં આવશે. ભારતમાં શ્વેતક્રાન્તિના -ણેતા ડૉ.વર્ગીસ કુરિયનના જન્મ દિવસે યોજાનાર રાષ્ટ્રીય મિલ્ક ડે ની ઉજવણીની તમામ તૈયારીઓને અનુલક્ષીને તથા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ કાર્યક્રમ અંતર્ગત પાલનપુર મુકામે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની મેરેથોન મિટીંગ યોજાઈ હતી. જેમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અન્વયે કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સરકારશ્રીના વિવિધ વિભાગોને સોંપવામાં આવેલ કામગીરી ઝડપથી પુરી કરવા કલેકટરશ્રીએ અધિકારીઓને સુચના આપી હતી.

# ડીસામાં દેશી બનાવટની પિસ્ટલ અને ૫ જીવતા કારતુલ સાથે યુવક ઝડપાયો

ડીસા, તા. ૨૩ ડીસામાં ઉત્તાર પોલીસ મથક ની ટીમ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી,ત્યારે તેમના હાથે નવીન બસ સ્ટેન્ડ નજીક એક ઉત્તાર-દેશ નો મુલ્લહીશ ૨૦ વર્ષીય યુવક શકમંદ રીતે ઝડપાયો હતો,જેની તલાશી લેતા તેના પાસેથી ઘાતક હથીયાર દેશી બનાવટની પિસ્ટલ અને ૫ જીવતા કારતુસ મળી આવતા પોલીસે તેની ધી આર્મ્સ એક્ટ નાં કાયદા મુજબ ધરપકડ કરી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા નાં વહેપારી મથક ડીસા માં ગત રાત્રી એ કોમ્બિંગ નાઈટ હોઈ ડીસા ઉત્તાર પોલીસ સબ ઈન્સ્પેકટર જે,ડી,આસોડિયા અને તેમની ટીમ નાઈટ પેટ્રોલિંગ માં હતી ત્યારે રાત્રીના અઢી વાગ્યા ના સુમારે ડીસા નવીન બસ સ્ટેન્ડ પાસે થી તેમને એક ૨૦ વર્ષીય યુવક શકમંદ હાલત માં મળી આવ્યો હતો, જેની તલાશી લેતા આ યુવક પાસે થી ઘાતક હથીયાર એવું દેશ બનાવટ ની મેગેઝીન વાળી પિસ્ટલ મળી આવી હતી,તેમજ પાંચ જીવતા કારતુસ પણ મળી આવ્યા હતા,આ યુવક ના થેલા માં થી પોલીસ ને એક સ્કુલ માર્કશીટ ,બે ચુંટણી કાર્ડ એક નોકિયા કમ્પની નો મોબાઈલ અને રૂપિયા એકસો દશ રોકડ મળી કુલ રૂપિયા ૫૧,૫૧૦ નો મુદામાલ મળી આવતા તપાસ અર્થે કબજે કર્યો હતો,પોલીસ ની વિશેષ તપાસ માં પિસ્ટલ અને પાંચ જીવતા કારતુસ સાથે ઝડપાયેલો આ આરોપી વિક્રમ નરીશ પાલ રહે, બસરેહર -તાલુકો-જીલ્લો /ઈટાવા -ઉત્તાર-દેશ નો રહીશ છે જે હાલ કાંકરેજ તાલુકા ના ભલગામ ટોલટેક્ષ માં નોકરી કરે છે જે ઉતર-દેશ થી આ હથીયાર શકમંદ એવા અન્ય આરોપી રઘુભા નાથુભા વાઘેલા રહે -ણ તાલુકો - કાંકરેજ વાળા ને વેચાણ આપવા લાવ્યો હોવાનું પોલીસ નું અનુમાન છે ,જોકે પોલીસે હથિયાર સાથે ઝડપાયેલા આ પર-ાંતીય આરોપી સામે ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫ - (૧) મુજબ ગુનો દાખલ કરેલ છે જેમાં પોલીસ ઈન્સ્પેકટર રઘુવરસીહ ભદોરિયા ની સુચના મુજબ ડીસા ઉત્તાર પોલીસ સબ ઈન્સ્પેકટર જે,ડી,આસોડિયા એ આ મામલે આ ઈસમ ઝડપાયેલ હથીયાર ક્યા થી લાવ્યો ? કોને આપવાનું હતું ? આવા અન્ય હથીયારો તે અથવા તેના સાગરીતો ધરાવે છે કે કેમ ? તેમજ આ હથિયાર કોઈ ગુના ના કામે વપરાયેલું છે કે વાપરવાનું હતું ?તે તમામ બાબતો ની ઝીણવટભરી તપાસ હાથ ધરેલ છે.

અહી ચોકાવનારી બાબત એ પણ છે કે ધાતક હથીયાર સાથે ઝડપાયેલો આ ઈસમ ઉત્તાર-દેશ નો રહીશ છે,અને કાંકરેજ નાં ભલગામ ટોલટેક્ષ નાકા પર નોકરી કરે છે.અહેવાલો માં એવું પણ બહાર આવેલ છે કે રાજય નાં મોટા ભાગ ના ટોલટેક્ષ નાકા પર આવા પર-ાંતીય ઈસમો નોકરી કરે છે,જેમાં ગનમેનો પણ હોય છે,તાજેતર માં ક્રાઈમ બ્રાંચે આવા ખોટા પરવાના સાથે ના ગનમેનો ઝડપ્યા હતા ખાનગી કંપની ઓછા પગાર આપવા ની લાલચ માં આવા પર-ાંતીય ઈસમો નોકરી માં રાખે છે, જેથી મોટાભાગ નાં ટોલટેક્ષ નાકા પર આવા અનેકો શકમંદ અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકો બિન્દાસ રહે છે જેનું જેતે સ્થાનિક પોલીસ દ્વારા મોનીટરીંગ સાથે નો તેમનો ક્રાઈમ રેકર્ડ ચેક કરવો અત્યત જરૂરી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧